# રાજ્યમાં કોરોનાનો પ્રકોપ યથાવત : ૨૪ કલાકમાં ૧૯૬ કેસ

## ગુજરાતમાં કોરોના તાંડવ વચ્ચે કેસોની સંખ્યા ૧૯૩૯ થઇ

## અમદાવાદમાં એક જ દિવસમાં ૧૪૭ કેસ વધતા ચિંતાજનક સ્થિતિ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં કોરોનાનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. આજે નવા ૯૩ કેસોની સાથે જ ગુજરાતમાં કેસોની સંખ્યા વધીને ૨૦૦૦ની નજીક પહોંચી ગઈ છે. સંખ્યા ૧૯૩૯ સુધી પહોંચી ગઈ છે. આજે વધુ ચાર લોકોના મોત થયા હતા. કોરોનાના લીધે જે ચાર લોકોના મોત થયા હતા તે પૈકી અમદાવાદમાં જ ચારેયના મોત થયા છે. અમદાવાદ સિવિલમાં ૪૨ વર્ષીય મહિલાનું મોત થયું હતું જ્યારે એસવીપી હોસ્પિટલમાં વધુ ત્રણના મોત થયા હતા જે પૈકી ૬૩ વર્ષીય મહિલા, ૬૭ વર્ષીય મહિલાનો સમાવેશ પણ અતિ ઝડપથી વધીને ૭૧ પર પહોંચી ગયો છે. હજુ ૧૭૧૮ દર્દીઓ સ્થિર સ્થિતિમાં છે જ્યારે ૧૩૧ દર્દીઓએ કોરોના સામે જંગ જીત્યા બાદ તેમને રજા આપી દેવામાં આવી છે. ૭૧નો મોત આંકડો થઈ જતાં તંત્ર ચિંતાતુર છે. આજે સોમવારના દિવસે સઘન આજે જે ૬૧ પોઝિટિવ કેસ આવ્યા હતા તે પૈકી ૩૬ પુરુષો અને ૨૫ મહિલાઓનો સમાવેશ થાય છે. આંકડો ૩૩૩૧૬ સુધી પહોંચ્યો છે જે પૈકી ૧૯૩૯ કેસ પોઝિટિવ રહ્યા છે અને ૩૧૩૭૭ કેસ નેગેટિવ

**અમદાવાદ : ૧૨૪૮**
**મૃત્યુ : ૩૮, ડીસ્ચાર્જ : ૪૯**

સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે.

રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજયમા ખાસ ત્યારઅહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અમદાવાદના જુદા જુદા ઝોનમાં સઘન કામગીરી ચાલી રહી છે. હોમ કોરેન્ટાઈનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૨૦૧૯૯ રહી છે. જયારે સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઈન રહેલા

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વડોદરા ૧૮૮ | સુરત ૨૬૯ | રાજકોટ ૩૮ | ભાવનગર ૩૨ | ભરૂચ ૨૩ | આણંદ ૨૮ | ગાંધીનગર ૧૭ | પાટણ ૧૫ |
| નર્મદા ૧૨ | પોરબંદર ૦૩ | બનાસકાંઠા ૧૦ | મહેસાણા ૦૬ | કચ્છ ૦૬ | અરવલ્લી ૧૬ | ગીરસોમનાથ ૦૨ | મહીસાગર ૦૩ |
| છોટાઉદેપુર ૦૭ | પંચમહાલ ૧૧ | જામનગર ૦૧ | મોરબી ૦૧ | સાબરકાંઠા ૦૨ | દાહોદ ૦૩ | બોટાદ ૦૫ | ખેડા ૦૨ |

આની સાથે જ ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૭૧ પર પહોંચી ગયો છે. આજે ૨૫ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી જ્યારે હજુ સુધી કુલ ૧૩૧ લોકો કોરોનાની અસર થયા બાદ સ્વસ્થ થઈ ચુક્યા છે. આજે થાય છે. આ ઉપરાંત ૬૬ વર્ષીય પુરુષનું એસવીપી હોસ્પિટલમાં મોત થયું હતું. મોટાભાગના દર્દી હાઈપર ટેન્શન અને ડાયાબિટીસથી પણ ગ્રસ્ત હતા. કોરોનાના લીધે આજે વધુ ચાર લોકોના મોત થતા મોતનો આંકડો તપાસની કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ વધુ ૯૩ કેસો સપાટી પર આવ્યા હતા. એકલા અમદાવાદમાં ૬૧ કેસ સપાટી ઉપર આવ્યા હતા.હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છે તે અમદાવાદમાં લેબોરેટરી પરીક્ષણની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ૪૨૧૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૧૯૬ કેસ પોઝિટિવ રહ્યા છે જ્યારે ૪૦૧૬ કેસ નેગેટિવ રહ્યા છે. હજુ સુધી ટેસ્ટની વાત કરવામાં આવે તો આ રહ્યા છે. આજે ચાર લોકોના મોત થયા હતા જે પૈકી તમામ મોટી વયના લોકો છે. બેના અમદાવાદમાં મોત થયા છે. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. તમામ નિષ્ણાતોના કહેવા મુજબ ગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે દર્દીઓની સંખ્યા ૩૩૦૩ રહી છે. કુલ કોરોન્ટાઈન દર્દીઓની સંખ્યા ૨૩૭૪૯ રહી છે. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ત્યારબાદ વડોદરા અને સુરતમાં પણ મોટી સંખ્યામાં કેસો છે.



શહેરમાં સરકારી કચેરીઓ આખરે ધમધમતી થઈ છે. મર્યાદિત સ્ટાફ સાથે તમામ સરકારી કચેરીઓ શરૂ થતાં ઘણા દિવસો બાદ નગરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જોવા મળ્યો હતો. બસો અને અન્ય જાહેર પરિવહનના સાધનો બંધ હોવાથી કર્મચારીઓ ખાનગી વાહન દ્વારા કચેરીએ પહોંચ્યા હતા.

## અમદાવાદ, રાજકોટ, સુરતમાં ૨૪મી સુધી કરફ્યુને લંબાવાયો

### રાજ્યના મોટાભાગના કોરોનાના કેસો અમદાવાદ, સુરત તેમજ રાજકોટમાં થયા હોવાથી કરફ્યુ ૨૪મી સુધી વધ્યો

અમદાવાદના કોટ વિસ્તાર સહિત સુરત અને રાજકોટમાં આજે કર્ફ્યુ લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝા દ્વારા આ અંગેની જાહેરાત મોડેથી કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્યના મોટાભાગના કેસો આ ત્રણેય શહેરોમાં આવી રહ્યા છે જેથી ગંભીર નોંધ લઈને આ ત્રણેય શહેરોમાં ૨૪મી એપ્રિલના સવારે ૭ વાગ્યા સુધી કર્ફ્યુ લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ રાજ્યમાં સૌથી વધારે કેસ ધરાવે છે. રાજ્યમાં કુલ નોંધાયેલા કેસો પૈકી એકલા અમદાવાદમાં ૫૦ ટકાથી પણ ઉપર કેસો નોંધાયા છે. આમા પણ ૩૮ મોત જે અમદાવાદમાં થયા છે તે પૈકી ૨૫થી વધુ મોત કોટ વિસ્તારમાં થઈ ચુક્યા છે. આવી જ સ્થિતિ રાજકોટમાં પણ રહેલી છે. રાજકોટમાં ૩૮ દર્દીઓથી વધુ નોંધાયા છે જે પૈકી ૩૦થી વધુ દર્દીઓ એકલા જંગલેશ્વરમાં નોંધાયા છે. આરોગ્ય સચિવ જયંતિ રવિએ પણ આજે માહિતી આપતા કહ્યું હતું કે, હોટસ્પોટ ગણાતા વિસ્તારોમાં કેસો એકાએક વધી રહ્યા છે. કોરોના વાયરસના કેસોની સંખ્યા વધી રહી છે. અમદાવાદમાં ૬૬ હોટસ્પોટ વિસ્તારમાં કેસો વધુ નોંધાઈ રહ્યા છે. અમદાવાદના જુદા જુદા ઝોનમાં અને ખાસ કરીને કોટ વિસ્તારમાં આવેલા ક્ષેત્રોમાં વધુ કેસ બની રહ્યા છે. આજે મોડી સાંજે રાજ્યના કેટલાક ભાગોમાં અન્ય નવા કેસો પણ નોંધાયા હતા. આજે ગુજરાતમાં જે કુલ ૯૩ કેસ નોંધાયા હતા તે પૈકી ૫૦ ટકાથી પણ વધુ કેસો અમદાવાદમાં નોંધાયા હતા. કુલ ૬૧ કેસો આજે સપાટી પર આવ્યા હતા જેમાં ૩૬ પુરુષો અને ૨૫ મહિલાઓનો સમાવેશ થાય છે. અમદાવાદમાં જ આજે ચાર લોકોએ દમ તોડી દીધો હતો જે પૈકી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૪૨ વર્ષીય મહિલાનું મોત થયું હતું જ્યારે એસવીપી હોસ્પિટલમાં અન્ય ત્રણના મોત થયા હતા. ત્રણેયની વય મોટી વયની હોવાનું જાણવા મળ્યું છે. અમદાવાદમાં નવા નોંધાયેલા ડિસ્ચાર્જની વિગતો ઉપર ધ્યાન આપવામાં આવે તો આજે અમદાવાદમાં ૨૦ને રજા આપવામાં આવી હતી જે પૈકી ૧૫ પુરુષ અને પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. અમદાવાદમાં કેસોમાં વિસ્ફોટ થઈ રહ્યો હોવાથી તંત્ર દ્વારા વધારે તકેદારી રાખવામાં આવી રહી છે. અમદાવાદમાં કુલ કેસોની સંખ્યા વધીને ૧૨૪૮ પર પહોંચી છે જે રાજ્યમાં નોંધાયેલા કુલ કેસો પૈકી મોટાભાગના કેસોની સંખ્યા છે.

### ચહલપહલ વધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોવા મળ્યા હતા કચેરીઓ શરૂ કરતા પુર્વે બિલ્ડીંગમાં સેનેટાઈઝેશન કરી દેવાયુ હતુ. રૂમ સેનેટાઈઝેશનની સાથે ઠેર ઠેર સેનેટાઈઝીંગ ટનલ પણ કાર્યરત જોવા મળી હતી. સે-૧૬ સ્થિત પાટનગર યોજના ભવનની કચેરીમાં પણ શહેરના પાણી ગટર અને રસ્તાઓ સહીતના કામ કરતા ડિવીઝનના કાર્યપાલક ઈજનેર હાજર જોવા મળ્યા હતા. જયારે પાટનગર યોજના ભવન ડિવીઝન ૧ ના કાર્યપાલક ઈજનેર કેતન રાવતે સેનેટાઝીંગ ટનલ પણ કચેરીની નીચે કાર્યરત કરી છે. જેથી કચેરીમાં આવનાર મુલાકાતી ડીસઈન્ફેકટ થઈને જ પ્રવેશ મેળવે. સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓ માસ્ક પહેરીને આવ્યા હતા. જયારે તમામના ટેબલો પર સેનેટાઈઝરની બોટલ પણ જોવા મળી હતી. સરકારી કચેરીઓના તાળા ખુલી ગયા છે .ત્યારે હવે વિવિધ વિકાસ કામોને આગળ ધપાવવા માટે મેન પાવર પણ ઉપલબ્ધ થાય તે દિશામાં આયોજન થાય તો કચેરીઓ ચાલુ કરવાનુ સાર્થક થશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### સહયોગ આપે...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામીણ વિસ્તારમાં ફરી અને હોમ ક્વોરોન્ટાઈન થયા હોય તેઓ તેનુ પાલન કરે છે કે નહિ તેની પણ ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત આપ જયારે ગામની મુલાકાત લો ત્યારે બધાની સાથે સુયોગ્ય સંકલન જાળવવા ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સનું પાલન અવશ્ય કરવું. ગ્રામ્ય વિસ્તારના દવાખાનાઓમાં દવાઓનો જથ્થો, માસ્ક સહિતની સુવિધા અંગે પણ ચકાસણી કરવાની રહેશે. જો કોઈ શંકાસ્પદ દર્દી જણાય તો તેને તાકીદે સારવાર મળે અને જરૂર પડ્યે ગાંધીનગર સિવિલમાં રિફર કરવાની પણ વ્યવસ્થા કરવી. તમામે પોતાનો અહેવાલ નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને સાંજે પાંચ વાગ્યા સુધીમાં સુપ્રત કરવાનો રહેશે અને તેનુ રોજેરોજ મોનીટરીંગ પણ કરવામાં આવશે.

### દેશમાં રોષ... પહેલા પાનાનું ચાલુ

પાલઘરમાં સંતોની ઘાતકી હત્યાને લઈને દેશમાં જોરદાર નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. આને લઈને જોરદાર રાજકીય ગરમી જામી છે. તમામ પક્ષોએ પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી છે. વિશ્વ હિન્દુ પરિષદ, સંઘ દ્વારા પણ પોતાની પ્રતિક્રિયાઓ આપવામાંઆવી છે. ભાજપ દ્વારા રાજનીતિ કરવાનો આક્ષેપ કોંગ્રેસ પાર્ટી દ્વારા કરવામાં આવ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે લિંચિંગની આ ઘટના પર ટિપ્પણી કરતા કહ્યું છે કે, તેમને લાગે છે કે, ભાજપ અમારા સમાજના ઈતિહાસમાં રાજનીતિ રમી રહી છે. ૧૬મી એપ્રિલની રાત્રે ગુજરાતના સુરત જનાર મુંબઈના ત્રણ નિવાસીઓને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના ગડચિંચલ ગામમાં સ્થાનિક નિવાસીઓને શંકા થયા બાદ તેમના પર હુમલો કરી દીધો હતો જેના લીધે લિંચિંગની આ ઘટના થઈ છે. વિશ્વ હિન્દુ પરિષદે મહારાષ્ટ્રના પાલઘરમાં બે સંતો અને તેમના સાથીની હત્યાને લઈને નારાજગી વ્યક્ત કરી છે. વિહિપે કહ્યું છે કે, આ હુમલો છુપો હુમલો કરવામાં આવ્યો હતો જે કાવતરાનો સંકેત આપે છે. વિહિપના કેન્દ્રીય મહામંત્રી મિલિંદ પરાન્દે દ્વારા કહેવામાં આવ્યું છે કે, પહેલા પણ આ ક્ષેત્રમાં ડાબેરીઓ દ્વારા ક્રૂરતાપૂર્વક હિંસાની ઘટનાઓને અંજામ આપવામાં આવ્યા છે. મામલામાં તપાસ કરીને હત્યારાઓને કઠોર સજા કરવી જોઈએ. ધર્મનિરપેક્ષ દેશના ધાર્મિક સંગઠને કહ્યું છેકે, સંતો અને હિન્દુ સંગઠનોના દબાણમાં કેટલાક લોકોને પોલીસે પકડી પાડ્યા છે પરંતુ મોબલિંચિંગના મુખ્ય આરોપી હજુ ફરાર છે. હિંસાનો શિકાર થયેલા સંતો અમદાવાદ નેશનલ હાઈવે પર ભજન કિર્તન કરતા જઈ રહ્યા હતા.

### રિપોર્ટ માંગ્યો... પહેલા પાનાનું ચાલુ

હતી. ૧૬મી એપ્રિલના દિવસે રાત્રે સિલવાસા જવાના રસ્તામાં ત્રણ લોકોની પાલઘર જિલ્લામાં સ્થાનિક નિવાસીઓએ હત્યા કરી દીધી હતી. પાલઘર જિલ્લામાં બનેલી આ ઘટનાથી ખળભળાટ મચી ગયો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ બનાવના સંદર્ભમાં પોલીસે ૧૦૦ લોકોની અટકાયત કરી છે. બીજી બાજુ અમિત શાહ આ ઘટનાને લઈને લાલઘૂમ દેખાઈ રહ્યા છે. આના ઘેરા પ્રત્યાઘાત પણ પડી રહ્યા છે. રાજકીય રંગ આપવાના પ્રયાસ શરૂ થઈ ગયા છે. કોમી રમખાણના એક હિસ્સા તરીકે આને જોવામાં આવે છે. મહારાષ્ટ્રના પાલઘરમાં સંતોની હત્યા બાદ ઉદ્ધવ ઠાકરે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સમગ્ર દેશમાં આને લઈને નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ આજે આને એક નવો વળાંક આપ્યો હતો. પાત્રાએ સુનિલ દેવધરના ટ્વિટને રિટ્વિટ કરતા કહ્યું છે કે, રાજકીય ષડયંત્રના ભાગરુપે આ બનાવ બન્યો છે. ભાજપના રાષ્ટ્રીય સચિવ સુનિલ દેવધરે ટ્વિટ કરતા લખ્યું છે કે, સ્થાનિક લોકોના કહેવા મુજબ આ શખ્સ શરદ પવારના એનસીપીના જિલ્લા પંચાયત સભ્ય કાશીનાથ ચૌધરી છે.

### ઉલ્લેખનીય સુધારો... પહેલા પાનાનું ચાલુ

પણ ૯.૨ દિવસમાં કેસોની સંખ્યા ડબલ થઈ રહી છે. તેલંગાણામાં ૯.૪ દિવસમાં કેસોની સંખ્યા બે ગણી થઈ રહી છે. કોરોનાના સંદર્ભમાં વિગતવાર માહિતી સરકાર દ્વારા દરરોજ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. દેશમાં કેસોની સંખ્યામાં અવિરતપણે વધારો થઈ રહ્યો છે. આજે આ સંદર્ભમાં જરૂરી આંકડા જારી કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રાલયની સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ ઉપર નજર રહેલી છે. મંત્રાલયમાં બનાવવામાં આવેલા કન્ટ્રોલરુમથી લોકડાઉનનો ભંગ કરનાર લોકોના સંબંધમાં રાજ્યોને દિશા નિર્દેશ આપવામાં આવી રહ્યા છે. રાજ્યોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ ઈમરજન્સી કાયદાના દિશા નિર્દેશોનું પાલન કરે.

## ધનસુરાના છેવાડીયા ગામની ૪૦ વર્ષની મહિલાને કોરોના પોઝીટીવ

ધનસુરા, તા. ૨૦

અરવલ્લીમાં કોરોનાનો બીજો પોઝીટીવ કેસ સામે આવ્યો છે. ધનસુરા તાલુકાના છેવાડીયા ગામના રેણુકાબેન મેસરિયા ઉંમર ૪૦ વર્ષને કોરોના પોઝીટીવ આવતા તંત્રએ તકેદારીના પગલાં શરૂ કરી દીધા હતા. ધનસુરા તાલુકામાં કોરોનાએ પગપેસારો કર્યો છે. ધનસુરામાં કોરોનાનો આ પ્રથમ કેસ નોંધાયો છે. છેવાડિયા ગામની આ મહિલા ૧૭ તારીખે અમદાવાદના નરોડાથી પરત ફરી હતી ત્યારબાદ મહિલાને આરોગ્ય વિભાગ ધ્વારા વાત્રક હોસ્પિટલ ખાતે કોરન્ટાઈન કરવામાં આવી હતી. તેમણે વાત્રક આઈશોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તંત્ર ધ્વારા તકેદારીના ભાગરૂપે રીપોર્ટ કાઢવામાં આવતા રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

આ અગાઉ અરવલ્લી જિલ્લામાં ભિલોડા તાલુકાના કુશાલપુરા ગામના ૭૦ વર્ષિય વૃધ્ધા બદીબેન.કે. પટેલને કોરોના પોઝીટીવ આવ્યો હતો જેમણું મોત થયું હતું. જે બાદ કુશાલપુરાના આજુબાજુના ૧૦ ગામને કન્ટેનમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ધનસુરા તાલુકાના છેવાડિયા ગામની ૪૦ વર્ષિય મહિલાને કોરોના પોઝીટીવ આવતા જિલ્લામાં કોરોનાના બે કેસ થયા છે ત્યારે આરોગ્ય વિભાગ ધ્વારા તાત્કાલિક ધોરણે તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં અરવલ્લી જિલ્લામાં કોરોનાના બે કેસ થયા છે જેમાંથી એકનું મોત થયું છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, કેટલાક રાજ્યોમાં બેદરકારી દાખવવામાં આવી રહી છે જેના પરિણામ સ્વરુપે કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. હાલમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતના રાજ્યોમાં કોરોનાના કેસોમાં સૌથી ઝડપથી વધારો થઈ રહ્યો છે. આ રાજ્યોમાં સાવચેતીના તમામ પગલા લોકડાઉનની સ્થિતિ વચ્ચે લેવાઈ રહ્યા હોવા છતાં સ્થિતિ કાબૂમાં આવી રહી નથી.

### કોરોના કહેર... પહેલા પાનાનું ચાલુ

મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતંત્રને પણ ભારે નુકસાન થયુ છે. તમામ દેશો પગલા લઈ રહ્યા છે પરંતુ હાલમાં બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે ૫૫ હજાર કરતા વધારે લોકો હજુ ગંભીર સ્થિતીમાં છે. મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે. આ તમામ દેશોમાં મોટી સંખ્યામાં લોકોએ કોરોના વાયરસના કારણે દમ તોડી દીધા છે. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે.

### ૧૫૦૦થી વધુ કેસ...પહેલા પાનાનું ચાલુ

દિવસમાં ૧૨૫ કેસ નોંધાયા છે. યુપીમાં ૧૧૭ લોકો સાજા થયા, ૧૭ લોકોના અત્યાર સુધીમાં મોત થયા છે. રાજસ્થાનમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૧૪૭૮ થઈ છે. એક જ દિવસમાં રાજસ્થાનમાં ૧૨૭ કેસ નોંધાયા તો ૨૦૫ લોકો સાજા થયા અને ૨૩ લોકોના મોત થયા છે. મધ્યપ્રદેશમાં કુલ કોરોનાના પોઝિટિવ કેસની સંખ્યા ૧૪૦૭ થઈ છે. એક જ દિવસમાં ૫ કેસ નોંધાયા અને ૧૩૧ સાજા થયા તો ૭૨ લોકોના મોત થયા છે.

### સલામ પાઠવે છે... પહેલા પાનાનું ચાલ

ઉત્તરાખંડના યમકેશ્વરના પંચુર ગામમાં આનંદસિંહ બિષ્ટ રહેતા હતા. બાળપણમાં જ પરિવાર છોડીને મહંત અવધ્યનાથની પાસે ગોરખપુરમાં પહોંચી ગયા હતા. મિટિંગ વચ્ચે તેમને આ દુખદ સમાચાર આપવામાં આવ્યા હતા પરંતુ યોગી મક્કમ રહ્યા હતા અને બેઠકને આગળ વધારી હતી. મિટિંગમાં યોગીએ અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે, કોટાથી પરત ફરેલા બાળકોને હોમ ક્વોરનટાઈનમાં રાખીને તેમની કાળજી લેવામાં આવે. સાથે સાથે તેમના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવ્યા બાદ જ તેમને ઘરે પરત મોકલવામાં આવે તેવી સૂચના આપી હતી. ૮૯ વર્ષના આનંદસિંહ બિષ્ટ એમ્સમાં સારવાર હેઠળ હતા. તબીબોના કહેવા મુજબ તેમને કિડની અને લીવરની સમસ્યા હતી. તેઓ આઈસીયુમાં ભરતી હતા. ગેસ્ટ્રોતબીબ વિનિત આહુજાએ કહ્યું હતું કે, તેમની ટીમ દ્વારા સારવાર કરવામાં આવી રહી હતી. આજે સવારે તેમનું અવસાન થયું હતું. યુપીના એડિશનલ ચીફ સેક્રેટરી અવનિશ અવસ્થીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના પિતાનું આજે સવારે ૧૦.૪૪ વાગે અવસાન થયું હતું. એમ્સમાં સારવાર લઈ રહેલા આનંદસિંહને જોવા માટે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ અને પાર્ટી સંગઠનના મહાસચિવ પણ પહોંચ્યા હતા. તેમને લાઈફ સપોર્ટ ઉપર રાખવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને બસપના વડા માયાવતીએ પણ દુખ વ્યક્ત કર્યું છે.



### પોલીસ કોન્સ્ટેબલે બ્લડ ડોનેટ કરીને માનવતા મહેકાવી

કોરોના કહેર વચ્ચે લોકડાઉન દરમ્યાન લોકોને ઘણી વસ્તુઓની જરૂર પડી રહી છે ત્યારે જીંદગી માટે અમુલ્ય એવા લોહીની જરૂર પાલનપુરના ગીડાસણના લાખાભાઈ દેસાઈની માત્ર સવા વર્ષની નાની વયની દિકરીને ઓ નેગેટીવ બ્લડ જે ભાગ્યે જ લોકોમાં હોય છે. તે બ્લડની જરૂર પડતા પાલનપુરના ગુરૂનાનક ચોકમાં ફરજ પરના પોલીસ કોન્સ્ટેબલને જાણ થતાં પોલીસ કોન્સ્ટેબલ હરીભાઈ આર. ચૌધરીએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તાત્કાલીક આ પરિવારને શહેરની ભુમિ બ્લડ બેંકમાં જઈ રક્તદાન કરી માસુમ બાળકીની જીંદગી બચાવી લીધી છે. સલામ છે આવા કર્મવીરને. આ બાબતે પાલનપુર સીટી યૂનિટના એસપીસી પી.બી. જાનીએ સાથે રહી પ્રોત્સાહન આપ્યું હતું.

## અરવલ્લી જિલ્લાના ધનસુરામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો

ધનસુરા, તા. ૨૦

અરવલ્લી જિલ્લા ના ધનસુરા માં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો. અરવલ્લી જિલ્લાના ધનસુરા માં કાશલા વાળી ફળીમાં રહેતા પરેશ અશોકભાઈ રાઠોડ ઉંમર-૨૭ વર્ષને કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પરેશભાઈ અમદાવાદ ખાતે કંપનીમાં નોકરી કરતા હતા તેઓ ૧૮ તારીખે ધનસુરા આવ્યા હતા. ત્યારબાદ તેમને તાવ આવતા ડોક્ટરના ત્યાં તપાસ બાદ આરોગ્યતંત્રએ કોરોનાનો રીપોર્ટ કરાવતાં રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો જેને લઈને આરોગ્યતંત્ર અને ધનસુરા ગ્રામપંચાયતે તેમના રહેણાંક વિસ્તારની ફળી સીલ કરી સેનેટાઈઝિંગ કરવાની કામગીરી શરુ કરી હતી. તેઓ અમદાવાદ બાવળા ખાતે કંપનીમાં નોકરી કરતા હતા. ત્યારબાદ વતનમાં આવતા તેમને તાવ આવતો હોય તંત્રએ કોરોન્ટાઈન કર્યા હતા. અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે જિલ્લામાં ચાર કેસ પોઝીટીવ આવતા અરવલ્લી જિલ્લામાં કોરોનાના પોઝિટિવનો આંકડો ૧૪ પર પહોંચ્યો છે.